# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

### પ્રશ્નપત્ર-૨

સમય : બપોરે ૨ થી ૫ રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮ કુલ ગુણ : ૧૦૦

(વિભાગ:૧ 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવન ચરિત્ર, છઠ્ઠી આવૃતિ, ફેબ્રુઆરી ૨૦૦૭ના આધારે)

પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ:- વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

**૧. ઉપાસના પ્રવર્તનમાં શાસ્ત્રીજી મહારાજનું અમોઘ શસ્ત્ર : કથાવાર્તા**

૧. પૂર્વભમિકા ૧૦૧
૨. સંવત ૧૯૪૫માં મંડળ સાથે વસો, ત્રાજ, માતર, ઠાસરા વગેરેમાં વિચરણ વખતે અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠાની જ વાતો. ૧૦૫
૩. ઠાસરામાં વચનામૃતમાંથી શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન અને સ્વામી ગુણાતીતાનંદ અક્ષરનો અવતાર છે એ નિષ્ઠા દૃઢ કરાવી. ૧૦૭
૪. આ પ્રાગજી ભગતમાં તમે શું દીઠું છે ? ૧૧૧થી ૧૧૮
૫. સંવત ૧૯૪૬માં ઠાસરામાં વરતાલ-૩ વચનામૃતનું કથન હરિભક્તોને સમજાયું. ૧૩૪
૬. ડભોઈમાં અક્ષરબ્રહ્મની વાતો ૧૩૮ થી ૧૪૧
૭. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ - ઉપેન્દ્રાનંદ સ્વામીના વિકાર ટાળ્યા. ૧૩૯
- બળદનો ક્રોધ ખેંચી લીધો. ૧૪૦
૮. ડભોઈમાં શુદ્ધ ઉપાસના પ્રવર્તનની કથા. ૧૪૧
૯. મંડાળામાં કથા ૧૪૧-૧૪૨
૧૦. વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું. ૧૪૩
૧૧. પીજના જેઠાભાઈને વડોદરા મંદિરમાં કરાવેલી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા ૧૫૫-૧૫૬
૧૨. અમદાવાદના સાધુ કૃષ્ણસ્વરૂપદાસજીને ગુણાતીતાનંદ સ્વામીની યર્થાથ ઓળખાણ ૧૫૮-૧૫૯
૧૩. મહેમદાવાદ તથા આજુબાજુના ગામોમાં હરિભક્તોને બ્રહ્માનંદનું પરમ સુખ ૧૬૦
૧૪. રાજકોટમાં વિદ્યાર્થીઓને ભણાવવાના બહાને અક્ષર પુરુષોત્તમ ઉપાસનાની વાતો ૧૭૦
૧૫. અક્ષરપુરુષોત્તમના જ્ઞાનને મૂર્તિમાન બનાવવાની રાજકોટમાં આદરેલી પ્રવૃત્તિ ૧૯૩
૧૬. છગનલાલભાઈને ઉપાસનાના સિદ્ધાંતની વાતો અને કૃષ્ણજી મહારાજને ઘેર જવાનું નિયમ આપ્યું. ૧૯૭
૧૭. ઉનાની પારાયણમાં સ્વામીશ્રીએ કરેલો ઉપાસનાનો દિગ્વિજય ૨૦૨
૧૮. ભાવનગરમાં વિદ્વાનોની સભામાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમના સિદ્ધાંતની વાતો કરી. ૨૦૪
૧૯. અમદાવાદ ભણતા વિદ્યાર્થીઓને અવારનવાર વાતો કરી શ્રીજીમહારાજ અને સ્વામીની દૃઢ નિષ્ઠા કરાવી. ૨૧૭-૨૧૮
૨૦. સ્વામી નિર્મળદાસજીને મહારાજ સ્વામીની મૂર્તિઓ પધરાવવાનું વચન લઈ વઢવાણમાં મંદિર કરવામાં સુગમતા કરી આપી. - અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદની સત્યતા. ૨૨૨-૨૨૩
૨૧. વડોદરામાં વચનામૃતની કથા પારાયણમાં શ્રીજીમહારાજે ઉપદેશેલા અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતના ભાવના વચનામૃતોનું નિરૂપણ ૨૨૪
૨૨. વરતાલ સમૈયામાં પોતાના આસને સભામાં વઢવાણની પ્રવૃત્તિ ૨૨૯-૨૩૦
૨૩. શ્રાવણ માસમાં ભરૂચમાં વચનામૃતની કથા. ૨૩૧
૨૪. ભરૂચ વચનામૃતની પારાયણથી સૌમાં અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતની દૃઢતા થઈ. ૨૩૧
૨૫. ઝાડેશ્વરમાં પોંકના ઉત્સવમાં ભીખાભાઈ શુકલના શાંકરમત-વેદાંતની જડ ઢીલી પડી. 'બ્રહ્મ

૭૦૨

અને પરબ્રહ્મ' શબ્દ અંતરમાં ઊતરી ગયો. ૨૩૨
૨૬. ઝાડેશ્વરમાં પોંકના ઉત્સવમાં શુદ્ધ વેદાંત એટલે શું ? તેની કથા. ૨૩૩
૨૭. સાધીના આશાભાઈ અને ઈશ્વરભાઈને ઉપાસનાની વાતો. ૨૩૬
૨૮. કથાવાર્તા સાંભળી આશાભાઈને ઈશ્વરભાઈને તેમની વાતોનું કામણ થયું. ૨૩૭
૨૯. સ્વામીશ્રી બાલમુકુંદદાસને ઉપાસના માટે પક્ષ રાખવા વિનંતી ભર્યો પત્ર. ૨૪૦
૩૦. સંવત ૧૯૬૧ની વસંતપંચમીએ વઢવાણ સમૈયામાં અક્ષરપુરુષોત્તમ યુગલ ઉપાસનાની તત્વે સહિત નિષ્ઠાની વાતો. ૨૪૨
૩૧. સ્વામીશ્રીના પ્રયત્નથી વઢવાણમાં 'અક્ષરપુરુષોત્તમ દેવ' બેઠા. ૨૪૪
૩૨. વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ દેવ બેઠા તેમાં કોઠારી ગોરધનદાસને પણ યોગ્ય કાર્ય થયાની પ્રતિતી થઈ. ૨૪૭
૩૩. બોચાસણમાં શુદ્ધ ઉપાસનાનું મંદિર કરવાનો સંકલ્પ. ૨૫૦
૩૪. કલ્યાણનાં શાં શાં સાધન ? ૨૫૩
૩૫. શુદ્ધ વેદાંત અને શુષ્ક વેદાંતની સમજણ. ૨૫૪
૩૬. વરતાલ પૂનમની સભામાં ગલભાઈ દ્વારા અક્ષરપુરુષોત્તમની જય. ૨૬૦
૩૭. ભાદરણના વૈષ્ણવ હરિભક્તે ચાણસદમાં સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તર અને વર્તમાન ધરાવી મહારાજના આશ્રિત થયા. ૨૬૨
૩૮. 'મને સ્વામિનારાયણ ભગવાન છે' એ જ સમજવું અઘરું પડે છે એટલે હું આશ્રિત શી રીતે થઉં' વૈષ્ણવ ભક્તને ઉપાસનાની સમજ. ૨૬૩
૩૯. 'અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો સિદ્ધાંત સાચો છે' નડિયાદના રામચંદ્ર ઠાકરને પ્રતિતી ૨૬૮
૪૦. શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે વરતાલથી માંગલિક પ્રસ્થાન ૨૮૪
૪૧. 'ભગવાન અને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે' વઢવાણમાં વસંતપંચમીના સમૈયામાં ઉપાસનાનો સત્ય સિદ્ધાંત સૌને સમજાવ્યો. ૨૮૭,૨૮૮
૪૨. 'ભગવાનનની પેઠે સેવા કરવા યોગ્ય સંત' આણંદ સમૈયામાં ૨૯૩
૪૩. બોચાસણમાં મંદિરનું ખાતમુહૂર્ત ૩૦૬
૪૪. હે સ્વામી ! આપ દયા કરી બિરાજો - બોચાસણ મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા. ૩૨૫
૪૫. મહારાજ વર-સ્વામી અણવર ૩૭૮
૪૬. સારંગપુરમાં ઝીંઝરના દરબાર રાણાભાઈને તત્વે સહિત શુદ્ધ ઉપાસનાનું જ્ઞાન. ૩૮૩
૪૭. ખાનદેશમાં એંશી વર્ષના વૃદ્ધને 'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરો તો મહારાજ દીકરો આપશે.' ૪૫૬

**૨. ઉપાસના પ્રવર્તનમાં શાસ્ત્રીજી મહારાજનું સમર્પિત સંતવૃંદ :**

૧. વૃધ્ધ સાધુ નિરંજનદાસ :- સ્વામીશ્રીના ગુરુભાઈ - વરતાલથી મહાપ્રસ્થાન વખતે સ્વામીશ્રીના સાથમાં - સ્વામીશ્રીના સાનિધ્યમાં દેહ ત્યાગ. ૨૮૨
૨. નારાયણચરણદાસ :- વડતાલથી મહાપ્રસ્થાન વખતે સ્વામીશ્રીની સાથે - સ્વામીશ્રીથી ક્ષણમાત્ર છૂટા ન પડ્યા ૨૮૨
૩. માનત (ભક્તિજીવનદાસ) સ્વામી :- વડતાલ મહાપ્રસ્થાન પછી સ્વામીશ્રી માટે ચિઠ્ઠી લેવા રોકાયા અને અન્ય ત્યાગી વર્ગ તરફથી ઉપાધિ સહન કરી. ૨૮૬-૨૮૭
- બોચાસણ મંદિરના કામ વખતે તિરસ્કાર, ઉપેક્ષા સહન કરી ઝોળી માંગી લાવતા. ૩૫૯
૪. ગોવિંદ સ્વામી :- સ્વામીશ્રી માટે ચિઠ્ઠી મેળવવા વડતાલ રોકાઈ ભેખની ઉપાધિ સહન કરી. ૨૮૬
૫. સ્વામી પુરુષોત્તમદાસજી:- સ્વામીશ્રી માટે ચિઠ્ઠી મેળવવા વડતાલ રોકાઈ ભેખની ઉપાધિ સહન કરી. ૨૮૬
- વરતાલથી ચૌદ પાળાઓએ આવી માર મારી ઝોળી, પૂજા, ઠાકોરજીની મૂર્તિઓ ફેંકી દીધા. છતાં કેશવલાલજીને વેર ન લેવા સમજાવી શાંત પાડ્યા. ૨૯૬
- બોચાસણ મંદિરના પાયા ખોદવાની સેવા કરતા. ૩૧૮
- પોતે ખાનદેશના હતા. ખાનદેશથી સાધુ થવા આવેલા હરિભક્ત પાછા ગયા તો તેના બદલામાં બીજા મોહન ભગતને લાવ્યા. ૩૭૯
- પુરુષોત્તમદાસજીની પ્રાર્થનાથી ખેંચાઈને સ્વામીશ્રી ખાનદેશ પધાર્યા. ૪૮૫
૬. મહાપુરુષદાસજી :- કોઠારી બેચર ભગતને આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજી મહારાજ પાસે ફરી

દીક્ષા અપાવી મૂળ નામ જ મહાપુરુષદાસજી અપાવ્યું. ૨૮૯
- બોચાસણ પારાયણમાં તેમની સંશયવૃત્તિનું નિરાકરણ થતા સ્વામીશ્રી સમક્ષ 'છાના છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાના રે......' ના ચાર પદ બનાવી મુજરા કર્યા. ૩૩૦
- બોચાસણ મંદિરના કારખાનાનું કાર્ય. ૩૧૮-૩૬૦
- બોચાસણ સ્વામીની વાતોના પારાયણમાં પ્રશ્નોના ઉત્તર કરી સૌને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠા દૃઢ કરાવતાં. ૩૩૬
- ચોરંદામાં નારાયણ જોષીને સ્વામીશ્રીનું ઓળખાવેલું સ્વરૂપ. ૪૬૫
- ચાણસદમાં સ્વામીશ્રીના સાનિધ્યમાં દેહત્યાગ. ૪૭૨-૪૭૩

૭. નારાયણચરણદાસજી : મૂળ ધર્મજના - સ્વામીશ્રીએ અપાવેલી દીક્ષા - ક્ષણ પણ છૂટા ન પડતા ૨૮૨
- આણંદમાં ચૌદ પાળાઓનો માર સહન કર્યો. ૨૯૬
- બોચાસણમાં ભંડારી તરીકેની સેવા. અખંડ સેવાના અનુરાગી. ૩૫૯

૮. નિર્ગુણ સ્વામી : તેમની હાજરીમાં જાગા સ્વામી કે પ્રાગજી ભક્ત વિરુદ્ધ કોઈથી 'જા' કે 'પ્રા' એટલો શબ્દ પણ ન બોલાતો.
- તેમની પ્રિય સાખી, 'રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગ્યે પાછા નવ હઠીએ.' ૩૬૦ થી ૩૬૧

૯. વૃદ્ધ હરિદાસજી : સારંગપુરમાં એક સાધુ ધામમાં ગયા તેમાં વળી મંદિર પડતું મુકાય ? મટકામાં મંદિર કરીએ સૌને હિંમત આપનારા. ૩૬૩

૧૦. ભક્તિવલ્લભદાસ : સ્વામીશ્રીના એક જ વચને સાધુ - આપણી ક્યાં દુકાન છે ? વિરક્ત ભાવ. ૩૪૪
- કારખાનાનું કાર્ય કરતા ૩૬૦

૧૧. અક્ષરપુરુષદાસ : આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદ પાસે દીક્ષા. ૨૯૦
- બોચાસણ મંદિરના કારખાનાનું કાર્ય. ૩૧૮-૩૬૦

૧૨. સાધુ હરિકૃષ્ણદાસ : શાસ્ત્રીજી મહારાજે આપેલી દીક્ષા. ૩૪૪
- મંદિરની તમામ સેવામાં ઉત્સાહથી જોડાઈ જતાં સ્વામીશ્રીના દિવ્ય સ્વરૂપમાં મહારાજનાં દર્શન થયા. ૩૪૫

૧૩. સંતદાસજી : આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજી પાસે દીક્ષા. ૨૯૦
- પુરુષોત્તમદાસ સ્વામીની સેવા કરતાં - ગામડે ફરતા - ઝોળી માંગતા - તેમની વાતોમાં પ્રગટની નિષ્ઠાનું બળ જણાતું. ૪૬૬

૧૪. સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી : શ્રી અક્ષરપુરુષોત્તમનો દિગંતમાં દિગ્વિજય કરવા જૂનાગઢ છોડી શાસ્ત્રીજી મહારાજના મંડળમાં દાખલ થયેલા. ૩૬૮
- સ્વામીશ્રીના સ્વરૂપમાં તીવ્ર ભાવે જોડાયેલા સ્વામીશ્રીનું જીવન બની ગયા હતા. ૪૩૭
- સારંગપુર મંદિરની સેવામાં. ૪૯૧-૪૯૨
- યોગીજી મહારાજની પરાભક્તિ (ઠાકોરજી ચોરાઈ ગયા) ૪૯૮-૪૯૯

**૩. ઉપાસના પ્રવર્તનમાં શાસ્ત્રીજી મહારાજની શૂરવીરતા :**

૧. જેને અમે સત્પુરુષ માન્યા છે અને જાણ્યા છે. તેને તો આખો સત્સંગ ઓળખે છે - યજ્ઞપુરુષદાસ ત્રંબકલાલને ૧૦૦
૨. યજ્ઞપુરુષદાસ ઠાકરિયો વીંછી. ૧૪૭
૩. જાગાભક્તના ઓરડે જવાની બંધી હોવા છતાં ગયા. ૧૭૪
૪. જીભાઈ કોઠારીને જાગા ભક્તનો મહિમા સમજાવ્યો. ૧૭૫
૫. 'ગુરુ થવાનો અધિકાર કાંઈ એકલા ભગવાંધારીઓએ જ રાખ્યો નથી' જૂનાગઢ પારાયણની પૂર્ણાહૂતિ પ્રસંગે ૧૮૧
૬. ભગતજીનું જૂનાગઢમાં સન્માન કરાવ્યું. ૧૮૫
૭. વરતાલમાં રહ્યા થકા વઢવાણમાં મંદિરની પ્રવૃત્તિ ૨૨૯
૮. શ્રીજીની આજ્ઞા અનુસાર તેમનો મહિમા કહેવામાં ઉપાધિથી બીવું નહિ - કોઠારી ગોવર્ધનભાઈને ૨૩૯
૯. 'શ્રીજી કરે તે ખરું' કોઠારી ગોવર્ધનભાઈ 'શ્રીજી એ જ કર્યું છે' સ્વામીશ્રી કોઠારીને ૨૪૬

૧૦. 'વરતાલની સભામાં અક્ષરપુરુષોત્તમની જય' ૨૬૦
૧૧. તમે સ્વામિનારાયણ સંપ્રદાય- ધર્મમાં કેમ રહ્યા છો ?- વૈષ્ણવ ભક્ત. અમો સ્વામિનારાયણને સર્વોપરી અને પ્રગટ ભગવાન માનીએ છીએ એટલે તેમના આશ્રિત થયા છીએ. - સ્વામીશ્રીનો જવાબ. ૨૬૩
૧૨. આપ અખંડ ભેગા રહેજો. ૨૮૧
૧૩. સ્વામીશ્રી સિંહને નાથે છે - હીરાભાઈને સત્સંગી કર્યા ૩૧૦
૧૪. દટાયેલી લક્ષ્મી ઉપયોગમાં ન લેતાં ત્યાં જ દાટી દીધી. ૩૨૦
૧૫. 'મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે' સારંગપુર મંદિરની જામીન આપનાર લીમડીના ઠાકોર સાહેબને સ્વામીશ્રીએ કહ્યું ૪૨૬
૧૬. અક્ષર-પુરુષોત્તમ માટે શ્વપચને ઘેર વેચાવું પડે તોપણ ઓછું છે. ૫૧૯

**પ્ર.૨ નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. અક્ષર મંદિરની સંપાદિત કરેલ જમીનનો ઈતિહાસ :**

૧. જમીનનું નક્કી કરી સારંગપુર આવતાં સેંથળી ગામે મોટર નદીમાં ફસાઈ ગઈ. ૬૦૮
૨. ભરૂચમાં નારાયણજી મહારાજે હરિભાઈ અમીનને નિયમની એકાદશીએ અક્ષર મંદિરની જમીન લઈ આપવાનો નિયમ આપ્યો. ૬૦૯
૩. અંતર્યામી સ્વામીશ્રીએ સોમા ભગતને સામે મોકલ્યા. ૬૦૯
૪. હરિભાઈએ જમીનની કિંમત બે લાખ કહી ત્યારે અંતર્યામી સ્વામીશ્રીએ તેના પચ્ચીસ હજાર કહ્યા. ૬૦૯
૫. સ્વામીશ્રીએ અક્ષરદેરીનો કહેલો મહિમા ૬૧૦
૬. ગોંડલ નરેશ ભગવતસિંહજીની શરતો. ૬૧૦
૭. જેતલસર જંકશને હરિભાઈને થયેલા ગુણાતીતાનંદ સ્વામીના દર્શન ૬૧૦
૮. ગુણાતીતાનંદ સ્વામી અને સ્વામીશ્રીના એક સરખા જ શબ્દોથી હરિભાઈને થયેલી ખાતરી ૬૧૦

**૨. જાગા ભગતની બંધી તોડી :**

૧. સ્વામી જાગા ભક્તને ઉપાધિ : સાધુ ઘનશ્યામદાસે કોઠારી જીભાઈના કાનમાં જાગા ભક્ત વિરુદ્ધ રેડેલું વિષ ઉપાય તરીકે જાગા ભક્ત ઉપર બંધી કરવાની ભલામણ-વરતાલના મુખ્ય કોઠારીનો પણ ફરમાનને ટેકો - જાગા ભક્ત અતિ ઉદાસ - સ્વામીશ્રીને રાજકોટમાં મળેલા સમાચાર - સાંજે જ સ્વામીશ્રી જૂનાગઢમાં જાગા સ્વામીને ઓરડે - બંધી હવે આજથી તૂટી ૧૭૩ થી ૧૭૫
૨. કોઠારી જીભાઈ સ્વામી જાગા ભક્તનો મહિમા સમજે છે. ૧૭૫
૩. કોઠારીનો પરિતાપ ૧૭૭
૪. આજથી જે જે સત્કર્મ મારાથી થાય તે બધાનું પુણ્ય તમને - સ્વામી જાગા ભક્તે યજ્ઞપુરુષદાસને આપેલો રાજીપો. ૧૭૮

**૩. મુક્તરાજ આશાભાઈનું સમર્પણ :**

૧. મહાકાળનું તાંડવ : વિષમ દેશકાળમાં આશાભાઈને આખો બંગલો ભસ્મિભૂત થયો. ૫૮૧,૫૮૨
૨. રઢુથી મણ ખીચડી મંગાવી બધા જમ્યા. ૫૮૨
૩. તમારાં તમામ પાપ બળી ગયા. - સ્વામીશ્રી ૫૮૩
૪. સ્વામીશ્રીએ પણ કરેલી કસોટી - સારંગપુર મંદિરની મૂર્તિઓ લેવા જવામાં આવેલું વિઘ્ન ૫૮૩
૫. મુક્તરાજ આશાભાઈમાં રંતિદેવ પ્રગટ થયા. ૫૮૩

**૪. ડુંગરભક્તનો સાધુ થવાનો પ્રબળ વેગ :**

૧. ત્યાગી થવાનો સંકલ્પ - જગત તરફ ઉદાસીનતા મહારાજની મૂર્તિમાં લીન ૨૯-૩૦
૨. સ્વામી વિજ્ઞાનાનંદજીના યોગમાં - ૧૯૩૭ના સમૈયા પર વડતાલમાં - વિજ્ઞાનાનંદ સ્વામીને મનોમન ગુરુ ૩૧-૩૨
૩. સભા મંડપને ત્રીજે માળે સંતાઈ જવું - પિતાજી સાથે ઘેર ન જવા માટે રકઝક - સ્વામીની આજ્ઞાથી ઘરે ૩૪

૪. મનોમન ખૂબ મંથન - ખૂબ વ્યગ્રતા - તક મળતા જ વરતાલના પંથે. ૩૬-૩૭
૫. સુરત પ્રતિ પ્રયાણ- પોતે બીજા ભક્તની ટિકીટના પણ પૈસા આપીને સૂરત તરફ રવાના- અધ્યયન શરૂ ૩૭
૬. ધોરીભાઈ દ્વારા સુરતમાં ડુંગરભક્તની શોધ - ફરી પાછા વરતાલ - આચાર્ય મહારાજની સાધુ ન થવાની આજ્ઞા - કોઠારી અંબાઈદાસ દ્વારા ધરપત - ડુંગર ભક્તના મનમાં શાંતિ. ૪૦-૪૩
૭. મહેળાવ પાછા ફરતાં પિતાને ઉપદેશ - પિતાના અંતઃકરણનું પરિવર્તન - ગદ્‌ગદ્ થઈ રજા ૪૩-૪૫
૮. દિવ્ય મહાભિનિષ્ક્રમણ ૪૫

**(વિભાગઃ ૨ 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ', સંક્ષિપ્ત જીવન ચરિત્રના આધારે તૃતીય આવૃત્તિ, નવેમ્બર ૧૯૯૨ના)**

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. આર્ષદ્રષ્ટા યોગીજી મહારાજ :**

૧. યોગીજી મહારાજના મહત્વના સંકલ્પોમાં આખા બ્રહ્માંડમાં સત્સંગ થાય. તેમાં રહેલી યોગીજી મહારાજની દીર્ઘદ્રષ્ટિ ૧૭૮
૨. સમૈયા દ્વારા યુવકોમાં સેવા ઉપરાંત જ્ઞાનસત્રો યોજી અધ્યાત્મજ્ઞાનમાં રસ લેતા કર્યા. ૧૭૯
૩. આફ્રિકાની ત્રણ વિદેશયાત્રા, શિક્ષણ સંસ્થાઓ ને છાત્રાલયોની સ્થાપના, હરિભક્તો સાથે કરેલો વિપુલ પ્રમાણમાં પત્રવ્યવહાર દ્વારા સત્સંગનો કરેલો વ્યાપ ૧૭૯
૪. રવિવારની સત્સંગ સભા, દરેક ગામમાં સત્સંગ મંડળ દ્વારા નવા મુમુક્ષુઓમાં વધારો. - બાળકો ને વિદ્યાર્થીઓને વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતો, કીર્તન વગેરે કંઠસ્થ કરવા માટે માર્ગદર્શન આપતા. ૧૮૦
૫. રવિસભામાં કોઈ ન હોય તો થાંભલા સાથે કથા કરવાનું સૂચન - તેનાથી સત્સંગના મોટા ઝાડ થશે. ૧૮૨
૭. સ્વામિનારાયણ પ્રકાશમાં સાધુનો વટહુકમ નં. ૧ રવિવારની સભા ભરવી. ૧૮૩
૮. બાળમંડળ - કિશોર મંડળની સ્થાપના - સ્વયંસેવક દળના શ્રીગણેશ - આફ્રિકાના નાનાં મોટા શહેરોમાં મંદિર નિમાર્ણ - લંડનમાં મંદિર નિર્માણ - ઉપસંહાર ૧૮૪ થી ૧૮૭

**૨. વિરોધીઓની ઉપાધિમાં યોગીજી મહારાજની સ્થિતપ્રજ્ઞતા :**

૧. ચચાણામાં ગડદા પાટુનો માર - 'શરીર પ્રસાદીનું થયું' કેવી વિરલ દૃષ્ટિ ?' ૬૩
૨. સુંદરિયાણાથી નીકળેલા સંતોને મારઝૂડ. ૬૪
૩. કેરિયામાં ખૂબ મારઝૂડ - હરિભક્તોની ફરિયાદ કરવાની ઈચ્છા યોગીજી મહારાજ કહે 'સ્વામિનારાયણ આપણા ઈષ્ટદેવ એમના સાધુ પર ફોજદારી ન થાય.' માન અપમાન થાય તો પણ તેના માટે રૂડા સંકલ્પો જ કરવા. ૬૪-૬૫
૪. કેરિયાના કટુ અનુભવની વાત - સ્વમુખે. ૬૬
૫. કલકત્તા જૂના મંદિરે અપમાન - આપણે દર્શને ગયા તે થઈ ગયા. ૬૭-૬૮
૬. જૂનાગઢ મંદિરના સંતો દ્વારા અપમાન - સાક્ષાત્ ગુણાતીત સ્થાનના એ તો આપણા માથાના મુગટ. ૬૮
૭. તેમને ખબર પડે કે જોગી મારી બાજુમાં બેઠો હતો, તો એક હાથ જમીન ખોદાવી નાખે. ૬૯
૮. મિથ્યા આક્ષેપોના જવાબનો ખરડો ફાડી નંખાવ્યો, ટરોરોમાં વિરુદ્ધમાં છપાયેલી પત્રિકા સામે દૃષ્ટિ સુદ્ધાં ન કરી, ભવિષ્યમાં આપણી બુદ્ધિ ન બગડે તે માટે ચેતવ્યા. ૭૦
૯. અડવાળથી નારાયણ ધરે યોગીજી મહારાજને મારવાના આશયથી - છતાં યોગીજી મહારાજ કંઈ બોલ્યા વગર નીકળી ગયા. ૬૨
૧૦. ધોલેરા નજીક સોઢી ગામમાંથી નીકળી જવું પડ્યું. ૬૨-૬૩
૧૧. જૂના મંદિરના સંતો દર્શન ન કરવા દે મોં મચકાડે છતાં દરવાજાને સ્પર્શ કરીને મનમાં દર્શન કરી લેતા. ૬૮
૧૨. જૂનાગઢમાં મંદિરમાં દર્શન કરવા - સાધુઓ દ્વારા હાંસી - ઉપહાસ છતાં જૂનાગઢ સાક્ષાત્ સ્થાન તેના સંતોને માથાના મુગટ માનતા. ૬૮-૬૯
૧૩. વિરોધીઓના બીનપાયાદાર આક્ષેપો પત્રિકાઓ ફડાવી નાંખે - નજર સુદ્ધાં આ લખાણો પર ન કરે - કોર્ટ-કચેરી આપણાથી કરાય જ નહિ. ૬૯-૭૦
૧૪. પરદેશથી પૈસા લાવીને સ્વાગત કરાવે છે એવા લખાણો સામે યોગીજી મહારાજ કહે, 'આપણે એવું ક્યાં કર્યું છે ?' ભવિષ્યમાં આપણી બુદ્ધિ ન બગડે માટે આપણને ચેતવ્યા - વિરોધ સામે પણ કેવી વિરલ દૃષ્ટિ ? ૭૦

**૩. યોગીજી મહારાજના જીવનપ્રાણ શાસ્ત્રીજી મહારાજ :**

૧. ભાવનગરમાં જયંતિભાઈ આગળ - આપણને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાય છે તે કલ્યાણ થઈ જ ગયું છે. ૧૧૭

૨. ૪૦ વર્ષ સુધી શાસ્ત્રી મહારાજની અનુવૃત્તિ સાચવી છે. ૧૧૮

૩. શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું જ કર્યું છે. ૧૧૮

૪. વીસ વર્ષ શાસ્ત્રીજી મહારાજની પૂજા પાથરી છે. ૧૧૮

૫. ગુરુમાં સંપૂર્ણપણે જોડાઈ તદ્‌વત્‌ ભાવને પામવું. ૧૧૮

૬. ગુરુ સાથે પોતાની તુલના ન થવા દેતા કોઈ કરે તો ચાંદ્રાયણ કરવાનું પ્રાયશ્ચિત. ૧૧૯

૭. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા કે ઈચ્છા આગળ પોતાનો આગ્રહ કે સિદ્ધાંત પકડી રાખતા નહીં. ૧૧૯

૮. જુદા જુદા અવસરે શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. ૧૨૦

૯. ૮૦ મી જન્મ જયંતીએ 'સ્વામિનારાયણ પ્રકાશમાં ગુરુ ગુણ.' ૧૨૧

૧૦. પ્રાકટ્ય સ્થાન મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા. ૧૨૨

૧૧. શાસ્ત્રીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ. ૧૨૨

૧૨. મહેળાવ ગુરુચરણમાં પ્રાર્થના. ૧૨૩

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. સાત સમેલિયા યોગીજી મહારાજ :**

૧. અડાલજની વાવનો પગપાળા પ્રવાસ - છત્રીસ કિ.મી.નો પ્રવાસ - છતાં નિર્જળા ઉપવાસ-તપસ્વી જીવન. ૨૪

૨. ત્યાગ વૈરાગ્ય - બબ્બે દિવસ ઉપવાસ - સારી રસોઈ હોય તો યોગીજી મહારાજને ઉપવાસ હોય - કંતાનનું આસન - હાથનું ઓશીંકુ. ૨૫

૩. નિઃસ્પૃહી - વતનમાં ન જવાય એ નિયમ સારધાર પાળ્યો. ૨૬

૪. સેવા - સેવાનાં ક્ષેત્રો વધારવાની તમન્ના. ૨૬

૫. રસોઈ - ભંડારી સાધુ પાસેથી બધા પ્રકારની રસોઈ બનાવવાનું શીખી લીધું. ગુરુને રાજી કરવાની પ્રબળ તમન્ના - સર્વક્રિયા ૨૬

૬. ભક્તિરૂપ - કામ કરવાની રીતમાં પણ ભક્તિનું એક સ્વરૂપનાં દર્શન. ૨૬

**૨. 'યુવકો મારું હૃદય છે.' (કોઈ પણ ત્રણ પ્રસંગો)**

૧. નારાયણભાઈ પટણી, 'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના. જગતની ગંધ કાઢી નાખવી છે.' ૧૬૧

૨. યુવક ખોડાભાઈને ડાંગરા આવવા આજ્ઞા. પોતાની ગાડીમાં સંકડાઈને પણ જગ્યા કરી આપી. ૧૬૨

૩. યુવકોને પ્રેમથી રાખે, રમાડે જમાડે ઉપદેશ આપી પ્રેમપાશમાં જકડી પોતાના કરી દેતા. ૧૬૪

૪. ભાદરામાં આનંદ પર્યટનના આયોજનમાં યુવકો સાથે રોટલા ઘડવા બેસી ગયા. ૧૬૪

૫. યુવકોને પત્રો લખે. નિષ્કપટ થવા માટે પ્રેરે. ઉપવાસ આપી શુદ્ધ કરે. ૧૬૭

૬. ખૂબ થાકેલા છતાં વિદ્યાનગરના સાંઈઠ યુવકો દર્શને - તેમને મળ્યા. ૧૬૮

૭. અંગ્રેજીનો પાઠ : ટુમોરો ફાસ્ટ ૧૬૯

૮. મુંબઈ જેવા શહેરનો ત્યાગ કરીને આવનાર યુવકોને રાત્રે એકાંતમાં દંડવત્‌ પ્રણામ. ૧૭૦

૯. નાનુભાઈ તથા બીજા યુવકોને સવારે ચાર વાગે જાતે પીરસીને જમાડ્યા. રસ્તામાં નાસ્તા માટે મગસ બાંધી આપ્યો. ૧૭૦

**૩. નિષ્કામ વ્રતધારી યોગીજી મહારાજ :**

૧. અંબુભાઈ હીરાભાઈ એક બાળકી લઈ વર્તમાન ધરાવવા સ્વામીશ્રી પાસે ગયા. 'મહારાજે આપણો સ્વાદ ટાળ્યો.' ૯૪

૨. નૈરોબી પ્લેનમાં બહેનો પહેલાં બેસી ગઈ હોવાથી બેસવાનો ઈન્કાર. ૯૪,૯૫

૩. ભાયાવદરમાં નાની બાળકી સ્વામીશ્રીના આસન ઉપર બેસી ગઈ. પોતાનો ઉપવાસ સિદ્ધેશ્વર સ્વામીને કરવાની આજ્ઞા. ૯૫

૪. પાલીતાણામાં ફઈબાએ દૂધ પીવાનું કહેવડાવ્યું હોવાથી વળી પાત્ર ચાંદીનું હોવાથી દૂધ ન પીધું. ૯૮

**૪. ઉપાસના પ્રવર્તનમાં યોગીજી મહારાજે વેઠેલો ભીડો :**

૧. પૂર્વભૂમિકા ૧૫૩

૨. ભીડો વેઠવાનો હેતુ - હરિભક્તોના સંતોષ માટે, રાજી રાખવા માટે. ૧૫૫

૩. પધરામણીની સંખ્યા - વિકટ પરિસ્થિતિ શિયાળો - ઊનાળો - ચોમાસુ - દેહને ગણકાર્યા વિના પધરામણી. ૧૫૬

૪. કઠિન પરિસ્થિતિ - વાહન બગડે ધક્કા મારવાના - વરસાદ ચાલુ - નિર્ધારિત કાર્યમાં વિલંબ થાય છતાં પધરામણી ચાલુ જ રાખતા. ૧૫૬

૫. ભેંસદડમાં નવા મકાનમાં પધરામણી કરાવવાની હતી. બીજા ઘણા હરિભક્તોની પધરામણી માટે વિનંતી. રાતના દસ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. ૧૫૬

૬. અમદાવાદમાં એકાદશીના દિવસે સવારે ૯.૩૦ થી સાંજે ૬ સુધી ફરી પધરામણી. રાત્રે ૮.૧૫ થી ૧૨ વાગ્યા સુધી કથાવાર્તા. - વાસદથી પીપલગ સવારે ખાતવિધિ. પછી ખુરશીમાં બેસી પધરામણીઓ. ૧૫૭

૭. માંદગીના આરામ બાદ ગુજરાતમાં પધારે ત્યારે ભરચક કાર્યક્રમ શરૂ. ૭૯ વર્ષની ઉંમર સુધી આ બધું વેઠ્યું. ૧૫૮

૮. શિયાળામાં સખત શરદી. તાવ, અશક્તિ છતાં અસમર્થ થાય ત્યારે જ આરામ. છતાં કથાવાર્તામાં સંપૂર્ણ સ્વસ્થતા બતાવે. ૧૫૮

૯. અપરંપાર ભીડો છતાં મહારાજના પરમહંસોના ભીડાની વાત. દેહને કારસો પડે પણ મહિમા જાણવો. ૧૫૮

૧૦. સ્વામીશ્રીની દયાળુ પ્રકૃત્તિ. તેથી ગમે તે નાના પ્રસંગોમાં પણ સ્વામીશ્રીને તેડાવવાનો આગ્રહ. ૧૫૮

૧૧. નિરર્થક ખાનગી મુલાકાતોમાં સ્વામીશ્રીનો સમય વ્યય. વૃદ્ધાવસ્થા તકલીફનો વિચાર નહીં. ૧૫૯

૧૨. સ્વામીશ્રીના ભીડાને કારણે સંપ્રદાયને અમર્યાદ પ્રાપ્તિ. સંતપણાની અગાધ અસર સમાજ પર. ૧૫૯

**પ્રશ્ન.૫ નીચેના વિષયો પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૬)**

**૧. એકાંતિક ધર્મ કેવી રીતે સિદ્ધ થાય ? ('એકાંતિક ધર્મ' પુસ્તિકાના આધારે) (૨૦ થી ૨૪)**

**(૧)** એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય. પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે. (ગ.પ્ર. ૬૦) **(૨)** આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ, એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય. તેની જો એ જીવને ઓળખાણ થાય તો, એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. (વર. ૧૯) **(૩)** સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ, તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મ (એકાંતિક ધર્મ) નું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. (ગ.પ્ર. ૫૪) **(૪)** સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ભગવાનને વિષે અનન્ય ભક્તિએ યુક્ત એવો એકાંતિક ધર્મ સામાન્ય આત્મબળવાળા પુરુષે પામવો અતિશય કઠણ છે. તે એકાંતિક ધર્મ ધારવાવાળા પુરુષ જે સમયે હોય, તે સમયે એકાંતિક ધર્મ પ્રગટ થાય છે અને એવા પુરુષ જ્યારે ન હોય ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે. માટે પ્રત્યક્ષ પ્રમાણ ભગવાનના સંગથી અથવા તે ભગવાનના એકાંતિક ભક્તના સંગથી, મુમુક્ષુજન એકાંતિક ધર્મને પામે છે, એ વિના બીજે પ્રકારે કરીને ક્યારેય પણ એ એકાંતિક ધર્મને પામતા નથી. (સત્સંગીજીવન પ્ર.૪/અ. ૬/શ્લોક ૩૪) **(૫)** એકાંતિક ધર્મ સિદ્ધ કરવા માટે એકાંતિક ધર્મના ધારક સત્પુરુષને ઓળખવા પડે છે. શ્રીહરિ કહે છે કે બધા સાધુ એકસરખા છે, એવી સમજણવાળો તો વિમુખ છે.(ગ.મ. ૬૧) મોટા એકાંતિકને સામાન્ય સાધુ તુલ્ય ગણી કાઢવા એ તો એમનો દ્રોહ કર્યા બરાબર છે અને સામાન્ય સાધુને મોટા એકાંતિક તુલ્ય ગણી તેમને વળગવાથી કલ્યાણના માર્ગની સલામતી રહેતી નથી. **(૬)** તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્‌ગુરુ સંતનો સંગ - નિષ્કુળાનંદ સ્વામી **(૭)** એના ઉપાય ચાર છે - એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે ને દેશ, કાળ ને સંગનું કારણ વિશેષ છે. કેમ કે જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય ને તમ જેવા સંતનો સંગ હોય ત્યાં ક્રિયા રૂડી જ થાય.... (માટે) સંગ પણ પ્રભુના ભક્ત, ને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેતા સાધુ તેનો કરવો. તો, હરિભક્તને પરમેશ્વરની તે ભક્તિનું બળ અતિશે વૃદ્ધિ પામે. (ગ.પ્ર. ૨૯) **(૮)** તે માટે ભગવાનના એકાંતિક ભક્તનો સમાગમ કરીને, જે ભક્તને વિષે એ ચારે ગુણ અતિશય દૃઢપણે વર્તે છે તે ભક્તને સર્વ સાધન સંપૂર્ણ થયાં અને તેને જ એકાંતિક ભક્ત જાણવો. પરંતુ જે ભક્તને એ ચારે ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા સમાગમે કરીને તે ન્યૂનતા ટાળવી (ગ.પ્ર. ૧૯) **(૯)** 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.' - શિક્ષાપત્રી શ્લોક ૩૬ **(૧૦)**

સાચે સંત મિલે કમી કાહુ રહી, સાચી શિખવે રામકી રીતકું જી; પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ, તામેં ઠેરાવે જીવકે ચિત્તકું જી. - બ્રહ્માનંદ સ્વામી **(૧૧)** મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી.... અને (ભગવાનની અખંડ સ્મૃતિ રહેતી હોય છતાં) પણ જે ધર્મરહિત છે, તે તો પોતાનું જ કલ્યાણ કરે છે, પણ એનાથી બીજા જીવનું કલ્યાણ થાય નહિ. ને તે એકાંતિક ભક્ત પણ ન થાય. (જેત. ૪) **(૧૨)** શુકસનકાદિક જેવા જે મોટા પુરુષ તેની જે સેવા અને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે. (ગ.અં. ૫) **(૧૩)** સંગ પણ પ્રભુના ભક્ત અને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો. તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે છે. (વચ.ગ.પ્ર. ૨૮) **(૧૪)** એવા સંત રાજી થાય તેવાં કર્મો કરે તો, નરકમાં જવા જેવું પ્રારબ્ધ હોય છતાં ભૂંડાં કર્મોનો નાશ થઈ જાય છે, ને તે મુમુક્ષુ પરમપદને પામે છે. (વચ.ગ.મ. ૪૫) **(૧૫)** જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત એ સંત ઉપર રાખવું. તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (વચ.ગ.મ. ૫૯) **(૧૬)** સદ્ગુરુ અને સત્શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય ને અહિંસા ધર્મને વિષે દૃઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય, તો તેને માથેથી જન્મમરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું, તે શાળ પાછી ઊગે નહિ; તેમ કહ્યાં એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે, ને જન્મમરણ થકી રહિત થાય છે. ને આત્મસત્તાને પામે છે. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે અને પરમેશ્વરની કૃપા પણ એવે લક્ષણેયુક્ત હોય તે ઉપર જ થાય છે અને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. (સા. ૧૧) **(૧૭)** એકાંતિક એવા જે ભગવાનના જ્ઞાની ભક્ત તેનો સમાગમ કરીને જ્ઞાનની દૃઢતા કરવી, કેમ જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનની દૃઢતા વિના તો પ્રજાપતિ આદિક જે જગતના સ્ત્રષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે, ને પાછા અંતે માયાને વિષે જ લીન થાય છે. પણ પુરુષોત્તમ ભગવાનના અક્ષરધામને તો એ પામતા જ નથી. તે શા સારું, તો તેમની સમજણમાં ભૂલ છે..... (તે) એમની ભૂલ કહીએ તે સાંભળો, એક તો પોતાની મુક્તિ થવી તેને વિષે પોતાની ક્રિયાનું જ બળ સમજે છે, પણ ભગવાનના આશરાનું બળ નથી સમજતા. ને બીજું, અક્ષરરૂપ થઈને શ્રી પુરુષોત્તમ નારાયણની સેવા કરવી એ જ મુક્તિ છે, એમ નથી માનતા, એ ભૂલ છે..... તે જ્યારે ભગવાનના એકાંતિક ભક્તના સમાગમે કરીને સમ્યક્પ્રકારે જ્ઞાનને પામશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામને પામશે, ને મહાસુખિયા થશે. માટે ભગવાનના જે ભક્ત તેમને ભગવાનની સેવા વિના બીજી ઇચ્છા રાખવી નહીં. (અશ્લાલી -૧) **(૧૮)** મન સાથે લડાઈ આદરે અને જો મનને જીતે તો નિર્વિકલ્પ સ્થિતિને પામે, ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય અને જો મન આગળ હારે તો પણ યોગભ્રષ્ટ થાય, તે પછી એક જન્મે અથવા ઘણે જન્મે પણ અંત્યે જાતાં તે એકાંતિક ભક્ત થાય, પણ એણે દાખડો કર્યો તે છૂટી ન પડે. માટે બુદ્ધિવાન હોય તેણે તો પોતાના કલ્યાણને અર્થે મન સાથે જરૂર વેર બાંધવું. (વર. ૧)

**૨. સ્વામિનારાયણ સંપ્રદાય - શુદ્ધ સંપ્રદાય (સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો' પુસ્તિકાના આધારે) (૩૦ થી ૩૨)**

શ્રીજીમહારાજે આચાર અને વિચાર શુદ્ધિનો સંપ્રદાય સ્થાપ્યો છે. આ સંપ્રદાયની છાપ પણ ઊજળા સંપ્રદાય તરીકેની છે. 'બ્રાહ્મનીઝમ ઍન્ડ હિંદુઈઝમ' નામના ગ્રંથમાં મોનિયર વિલિયમ્સ કહે છે : 'આ સંપ્રદાયની ખાસ નોંધ લેવા જેવી છે, કારણ કે આ સંપ્રદાય અર્વાચીન શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાયનું સારામાં સારું દૃષ્ટાંત પૂરું પાડે છે.... તેના નિષ્ઠાપૂર્વકનો હેતુ વૈષ્ણવ માર્ગને શુદ્ધ કરવાનો હોઈ આ સંપ્રદાયે ખૂબ સારું કામ કર્યું હતું અને કરી રહ્યો છે.... આ સંપ્રદાયના ઉપદેશો નિઃશંકપણે વર્તણૂક, ચારિત્ર્ય અને જીવન શુદ્ધ કરનારા છે.' આ હકીકતનો ખ્યાલ સ્વામિનારાયણીય નિયમો તપાસવાથી જ આવે. દારૂ, માંસ-મદ્ય ભક્ષણ, ચોરી, વ્યભિચાર નિષેધ જેવા પંચ વર્તમાન સત્સંગીમાત્ર માટે ફરજિયાત છે. ત્યાગી સાધુ માટે નિર્માન, નિઃસ્નેહ, નિઃસ્વાદ, નિષ્કામ અને નિર્લોભ રૂપ પાંચ વર્તમાનો ફરજિયાત છે. ચારિત્ર્ય અને જીવનશુદ્ધિની સાથે સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની આપનારી 'શિક્ષાપત્રી' આપી છે. એ 'શિક્ષાપત્રી'નો નિત્યપાઠ કરવો અને તે પ્રમાણે વર્તન કરવાનો આગ્રહ અન્ય સંપ્રદાયોમાં દેખાતો નથી. 'શિક્ષાપત્રી' જેવો મુક્તિ અને ભક્તિ આપનાર ગ્રંથ કોઈ સંપ્રદાયમાં જોવા નથી મળતો. દરેકનાં સામાન્ય નિયમો, નિત્યકર્મો, નૈમિત્તિક કર્મો, આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણય, સેવારીતિ, વ્યક્તિ અને સમાજનું નીતિશાસ્ત્ર, રાજા, ગૃહસ્થો, બાઈઓ-ભાઈઓ, આચાર્ય, સાધુ એ સર્વેના નિયમોની 'શિક્ષાપત્રી'માં આપેલી સ્પષ્ટ વિક્તિ બીજે ક્યાંય જોવા મળતી નથી. તેથી જ મોનિયર વિલિયમ્સે કહ્યું છે : 'તેમની શિક્ષાપત્રી અતિશય શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની છે.' એટલું જ નહિ, પરંતુ ત્યાગી-સાધુઓ માટે આપેલ

'ધર્મામૃત અને 'નિષ્કામ શુદ્ધિ' જેવા ગ્રંથો તથા તેનો નિત્યપાઠ અને તે પ્રમાણે વર્તવાનો આગ્રહ, એ આ સંપ્રદાયનું જ વિશિષ્ટ તત્ત્વ છે. સંપ્રદાયની શુદ્ધ પ્રણાલી અને સત્સંગીઓના આચાર-વિચાર શુદ્ધ રહે એ હેતુથી નિત્યપ્રત્યે સત્સંગ અર્થાત્ સાધુનો સમાગમ કરવાની આજ્ઞા કરી છે. તેટલું જ નહિ પણ તેની સુવિધા પણ પૂરી પાડી છે. સ્વામિનારાયણ મંદિરોમાં થતી પાંચ ટાણાંની કથા, એ સત્સંગને અને સંપ્રદાયને જીવંત રાખતું તત્ત્વ છે. દરેક સંપ્રદાયનું પતન સ્ત્રી અને દ્રવ્યરૂપી બે દૂષણો પેસવાથી થયું છે. આવી અશુદ્ધિ સંપ્રદાયમાં ન પેસે તે હેતુથી તેમણે સ્ત્રી-પુરુષ મર્યાદા બાંધી છે. બાઈઓ-ભાઈઓની દર્શન માટે તેમજ ઉત્સવ-સમૈયામાં અલગ વ્યવસ્થા કરી છે. સ્ત્રીઓ જ સ્ત્રીઓને ઉપદેશ કરે અને પુરુષો પુરષોને ઉપદેશ કરે તથા એકબીજાના પ્રસંગથી સહેજે દૂર રહેવાય, તેવી રીતે સંપ્રદાયનું અને મંદિરોનું નિર્માણ કર્યું છે. એટલું જ નહિ પણ સ્ત્રી-પુરુષોને એકબીજાના પ્રસંગથી દૂર રહેવાની આજ્ઞા કરી છે.

ત્યાગી સાધુઓને સંપૂર્ણપણે દ્રવ્ય અને સ્ત્રીનો ત્યાગ કરાવ્યો છે. અગિયાર વસ્ત્ર અને પૂજા તથા ધર્મગ્રંથ સિવાય કાંઈ પણ રાખવું નહિ, તેવું ત્યાગી સાધુઓને ફરમાન છે. અષ્ટપ્રકારે સ્ત્રી પ્રસંગનો ત્યાગ તેવું અસિધારા તુલ્ય બ્રહ્મચર્ય સ્વામિનારાયણીય સંતો પાળે છે.

**પ્રશ્ન.૬ નીચેનામાંથી કોઈપણ <u>એક</u> વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. નું આગવું પ્રદાન - મંદિરો**

**૧.** B.A.P.S. નો અર્થ - બોચાસણવાસી શ્રીઅક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા - આ સંસ્થા વિશ્વવ્યાપી - સંસ્થાનો મંદિરોના નિર્માણ માટે વિશ્વવિક્રમ - World record. **૨.** શ્રીજીમહારાજ દ્વારા ઉપાસનાના પ્રવર્તન માટે ત્યાગનો પક્ષ મોળો કરીને મંદિરોની સ્થાપના - મંદિરોમાં ભક્તો, મુમુક્ષુઓ આવે, સેવા કરે અને સત્સંગનો વિકાસ થાય. શ્રીજીમહારાજ દ્વારા ૬ મંદિરોનું નિર્માણ - શાસ્ત્રીજી મહારાજ દ્વારા પણ શિખરબદ્ધ પાંચ મંદિરોનું નિર્માણ - B.A.P.S.ની સ્થાપના બાદ યોગીજી મહારાજ દ્વારા પણ મંદિર - નિર્માણ કાર્ય ચાલુ. **૩.** પ્રમુખસ્વામી મહારાજે તો શિખરબદ્ધ મંદિરો, હરિમંદિરો અને સંસ્કારધામો(૬૫૦)નું નિર્માણ કરીને વિશ્વવિક્રમ સ્થાપ્યો - મંદિરોના નિર્માણમાં નાનામાં નાના હરિભક્તની પણ તન, મન, ધનથી સેવા સમર્પણ - સંસ્થાના હરિભક્તો આર્થિક પરિસ્થિતિની દૃષ્ટિએ સામાન્ય - છતાં સેવા કરીને ગુરુનો રાજીપો પ્રાપ્ત કરવાની તમન્ના. **૪.** માટે જ B.A.P.S.નું આગવું પ્રદાન મંદિરો - સાથે સાથે સેવા, સમર્પણ, શ્રદ્ધા-ભક્તિથી સંસ્થાના હરિભક્તો દ્વારા સ્વામીશ્રીની નિશ્રામાં મંદિર નિર્માણ પ્રવૃત્તિ - B.A.P.S.નું આગવું પ્રદાન મંદિરો - લંડનનું મંદિર, ગાંધીનગર તથા દિલ્હીનું અક્ષરધામ એ આગવું અને અનેરૂ પ્રદાન.

**૨. B.A.P.S. વિકાસયાત્રામાં પ્રમુખસ્વામી મહારાજનો પ્રચંડ પુરુષાર્થ :**

**૧.** B.A.P.S.ની સ્થાપના શાસ્ત્રીજી મહારાજ દ્વારા - શાસ્ત્રીજી મહારાજનો પ્રચંડ પુરુષાર્થ સંસ્થાની સ્થાપના માટે - શારીરિક, માનસિક ત્રાસ- ભીડો વેઠીને પણ સંસ્થાની સ્થાપના પાંચ શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરમાં બિરાજમાન કર્યાં. **૨.** યોગીજી મહારાજનો પણ સંસ્થાના વિકાસને આગળ ધપાવવામાં પ્રચંડ પુરુષાર્થ (પ્રસંગો) **૩.** સંસ્થાની વિકાસયાત્રામાં લાંબી હરણફાળમાં પ્રમુખસ્વામી મહારાજનો પ્રચંડ પુરુષાર્થ - અસહય ભીડો - માનસિક ત્રાસ - સામાજિક, સંસ્થાકીય તેમજ રાજકીય પ્રશ્નો અનેક વિટંબણાઓ છતાં વિકાસની દડમજલ (પ્રસંગો) **૪.** સ્વામીશ્રી દ્વારા અનેક મહોત્સવો સમૈયાઓની ઉજવણી હરિભક્તોના વિશાળ સમુદાય માટે મંદિરોનું નિર્માણ ગાંધીનગર તથા દિલ્હીનું અક્ષરધામ તથા દેશ-વિદેશમાં મંદિર-નિર્માણ ચાલુ - મંદિર નિર્માણમાં પણ અનેક પ્રશ્નો, કોર્ટના કેસો - આંતકવાદી હુમલો - છતાં સ્વામીશ્રીના પ્રચંડ પુરુષાર્થ સામે આ બધા પ્રશ્નો પર્વત આગળ રાઈ સમાન. **૫.** સ્વામીશ્રીનું દેશ-પરદેશમાં અવિરત વિચરણ પધરામણી પત્રલેખન, અનેક રોગોની સામે ટક્કર ઝીલીને સંસ્થાનો વિકાસ રોકેટની ગતિએ કર્યો. - ઉપસંહાર.

**૩. શતાબ્દીની સાચી ઉજવણી એટલે હૃદયની શુદ્ધિ :**

**૧.** B.A.P.S. શતાબ્દી વર્ષ - ઉજવણીની શરૂઆત બોચાસણમાં સ્વામીશ્રીની જન્મ જયંતીથી **૨.** શતાબ્દીની ઉજવણી માટે દેશમાં તેમજ વિદેશમાં વિવિધ આયોજનો, વિવિધ કાર્યક્રમો - મંત્રલેખન, અનુષ્ઠાન, જનમંગલ પાઠ,

પદયાત્રા, ભક્તિફેરી વગેરે કાર્યક્રમોનું આયોજન. **૩.** દરેક હરિભક્ત પોતાની શ્રદ્ધા પ્રમાણે, શક્તિ પ્રમાણે શતાબ્દી નિમિત્તે મંત્રલેખન, અનુષ્ઠાન વગેરે કરે છે પરંતુ સાચી ઉજવણી કઈ ? શતાબ્દીની સાચી ઉજવણી એટલે હૃદયની શુદ્ધિ-મંત્રલેખન, અનુષ્ઠાન વગેરે શ્રદ્ધાપૂર્વક કેટલું કર્યું ? શુદ્ધ હૃદયથી કેટલું કર્યું ? સ્વામીશ્રીનો રાજીપો મળે તે રીતે કેટલું કર્યું ? સાચા હૃદયથી જે પણ કરીએ તે સાચી ઉજવણી. **૪.** સ્નાન કરીને દેહ સાફ રખાય - મનને કઈ રીતે સાફ રાખવું - હૃદયમાંથી કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા વગેરે સ્વભાવોને દૂર કરવા - બીજાનો દોષ, અવગુણ ન જોવા, કોઈનો અભાવ ન લેવો, દરેકનો મહિમા સમજવો - શુદ્ધ ભાવથી આ બધું કરીએ, હૃદયને શુદ્ધ રાખીએ તે સાચી ઉજવણી. - ઉપસંહાર.

❑ ❑ ❑